સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૨.

# ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક, ૨૦૧૭.


| કલમ | અનુક્રમણિકા |
|---|---|
| | પ્રકરણ ૧ |
| ૧. | ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ. |
| ૨. | વ્યાખ્યા. |
| | પ્રકરણ ૨<br>સમિતિની રચના, ફી નિર્ધારણ અને વધારાની ફી વસૂલ કરવા પર પ્રતિબંધ |
| ૩. | ફી નિયમન સમિતિની રચના. |
| ૪. | સમિતિની હકૂમત અને તેના મુખ્ય મથકો. |
| ૫. | ખાલી જગા, વગેરે હોવાને કારણે કાર્યવાહી અમાન્ય ઠરશે નહિ. |
| ૬. | ફી નિયમન સમિતિએ નિયમન કરવાની કાર્યરીતિ. |
| ૭. | ફી નિયમન સમિતિના સભ્યોની ગેરલાયકાત. |
| ૮. | ફી નિયમન સમિતિની સત્તા અને તેના કાર્યો. |
| ૯. | સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ. |
| ૧૦. | ફી નિર્ધારણ માટેના પરિબળો. |
| ૧૧. | વધુ ફી લેવા ઉપર પ્રતિબંધ. |
| ૧૨. | ફી સુધારણા સમિતિ. |
| | પ્રકરણ ૩<br>હિસાબોનું નિયમન અને રેકર્ડનો નિભાવ |
| ૧૩. | હિસાબોનું નિયમન અને રેકર્ડનો નિભાવ. |
| | પ્રકરણ ૪<br>ગુના અને શિક્ષા |
| ૧૪. | ગુના અને શિક્ષા. |
| ૧૫. | ગુનાની ન્યાયિક નોંધ. |
| | પ્રકરણ ૫<br>પ્રકીર્ણ |
| ૧૬. | આદેશો આપવાની રાજય સરકારની સત્તા. |
| ૧૭. | અન્ય કાયદાનો અમલ. |
| ૧૮. | શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ. |
| ૧૯. | સમિતિના સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ રાજય સેવક ગણાશે. |
| ૨૦. | નિયમો કરવાની સત્તા. |
| ૨૧. | મુશ્કેલી દૂર કરવાની સત્તા. |

## GUJARAT BILL NO. 22 OF 2017.

# THE GUJARAT SELF FINANCED SCHOOLS (REGULATION OF FEES) BILL, 2017.

*A BILL*

*tomake special provisions for fixation of fees for the self financed schools in the State and matters connected therewith and incidental thereto.*

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૨.

# ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક, ૨૦૧૭.

**રાજ્યમાં આવેલી સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઈઓ કરવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

## પ્રકરણ ૧

## પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

(ક) "શૈક્ષણિક વર્ષ" એટલે સરકાર દ્વારા અથવા યથાપ્રસંગ, શાળા જેની સાથે સંલગ્ન હોય તેવા કોઈ મંડળ અથવા કાઉન્સિલ દ્વારા નિર્દિષ્ટ કરેલું વર્ષ;

(ખ) "સહાયિત શાળા" એટલે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કોઈ સ્થાનિક સત્તામંડળ પાસેથી કોઈ નાણાકીય અનુદાન અથવા સહાય મેળવતી હોય તેવી, કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના મંડળ દ્વારા સ્થપાયેલી અને તેમના દ્વારા સંચાલિત અથવા નિભાવતી હોય અને તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ સક્ષમ સત્તામંડળ દ્વારા માન્યતા અપાયેલી અથવા

મંજૂર કરાયેલી કોઈ પૂર્વ-પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા, ઉચ્ચ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા;

(ગ) ''શૈક્ષણિક જિલ્લો'' એટલે રાજ્ય સરકાર દ્વારા રાજપત્રમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવો શૈક્ષણિક જિલ્લો;

(ઘ) ''પ્રારંભિક શિક્ષણ'' એટલે પ્રથમ વર્ગથી આઠમા વર્ગ સુધીનું શિક્ષણ;

(ચ) ''કર્મચારી'' એટલે અધ્યાપક અને તેમાં માન્યતા પ્રાપ્ત શાળામાં કામ કરતા બીજા દરેક કર્મચારીનો સમાવેશ થાય છે;

(છ) ''વિદ્યમાન શાળા'' એટલે આ અધિનિયમના આરંભે અસ્તિત્વમાં હોય તેવી માન્યતા પ્રાપ્ત સ્વનિર્ભર શાળા;

(જ) ''ફી'' એટલે કોઈ શાળા દ્વારા કોઈ વર્ગમાં અથવા અભ્યાસક્રમમાં વિદ્યાર્થીના પ્રવેશ માટે, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, વસૂલ કરાતી, કોઈપણ નામે ઓળખાતી, કોઈ રકમ અને તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ-

(૧) ટ્યૂશન ફી;

(૨) સત્ર ફી (ટર્મ ફી), જે સત્ર દીઠ એક મહિનાની ટ્યૂશન ફી કરતાં વધુ હોવી જોઈશે નહિ;

(૩) ગ્રંથાલય ફી અને ડિપોઝિટ (અનામત મૂકેલી રકમ);

(૪) પ્રયોગશાળા ફી અને ડિપોઝિટ (અનામત મૂકેલી રકમ);

(૫) જિમખાના ફી;

(૬) કોશન મની (બાંયધરી રકમ);

(૭) પરીક્ષા ફી;

(૮) પ્રવેશ ફી, જે એક મહિનાની ટ્યૂશન ફી કરતાં વધુ હોવી જોઈશે નહિ;

(૯) યોગ અને શારીરિક શિક્ષણ ફી;

(૧૦) ફી નિયમન સમિતિએ નક્કી કર્યા મુજબની બીજી કોઈ ફી;

(ઝ) ''ફી નિયમન સમિતિ'' એટલે કલમ ૩ હેઠળ રચાયેલી સમિતિ;

(ટ) ''ફી સુધારણા સમિતિ'' એટલે કલમ ૧૨ હેઠળ રચાયેલી સમિતિ;

(ઠ) ''સરકાર'' એટલે રાજ્ય સરકાર;

(ડ) "સરકારી શાળા" એટલે સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ દ્વારા સ્થપાયેલી, તેમની માલિકીની અથવા તેમના દ્વારા નિભાવાતી શાળા;

(ઢ) "ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ"નો અર્થ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૨-ના ખંડ (ઝઝ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો છે તે જ અર્થ થશે; સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

(ત) "સ્થાનિક સત્તામંડળ" એટલે,-

(૧) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયેલું મ્યુનિસિપલ કોર્પોરેશન; સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

(૨) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયેલી નગરપાલિકા; સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ રચાયેલું પંચાયત. સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

(થ) "વ્યવસ્થાપક મંડળ" એટલે-

(૧) સરકાર દ્વારા સંચાલિત શાળાના કિસ્સામાં, સરકાર;

(૨) કોઈ સ્થાનિક સત્તામંડળ દ્વારા સંચાલિત શાળાના કિસ્સામાં, સંબંધિત સ્થાનિક સત્તામંડળ;

(૩) બીજા કિસ્સામાં, શાળાનું કામકાજ જેને સોંપવામાં આવેલ હોય તેવી, ગમે તે નામે ઓળખાતી, વ્યવસ્થાપક સમિતિ અથવા તેવું ગવર્નિંગ બોડી અને આવું કામકાજ કોઈ વ્યક્તિને સોંપવામાં આવ્યું હોય, ત્યારે ગમે તે નામે અથવા ગમે તે હોદ્દાથી ઓળખાતી વ્યક્તિ અને તેમાં કોઈપણ રીતે શાળા સાથે જોડાયેલા ટ્રસ્ટ અથવા કંપનીનો પણ સમાવેશ થશે;

(દ) "લઘુમતી શૈક્ષણિક સંસ્થા" એટલે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦ના ખંડ (૧) હેઠળ તેમ કરવાનો (શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો) હક ધરાવતી લઘુમતીઓ દ્વારા સ્થાપવામાં અને વહીવટ કરવામાં આવતી સરકાર માન્ય સંસ્થા;

(ધ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ન) "પૂર્વ-પ્રાથમિક શાળા" એટલે નર્સરી, જુનિયર બાલવાડી, સિનિયર બાલવાડી અથવા ૩ થી ૬ વર્ષના બાળકો માટેની, પૂર્વ-પ્રાથમિક શાળાના સ્તર સુધીનું શિક્ષણ આપતી અને કોઈપણ માધ્યમની, ઠરાવેલી રીતે શાળા સાથે જોડાયેલી કોઈ શાળા, પણ તેમાં ઘોડિયાઘર અને પ્લે ગ્રુપનો સમાવેશ થશે નહિ;

(પ) ''નફાખોરી'' એટલે આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર નક્કી કરેલી અથવા મંજૂર કરેલી ફી ઉપરાંતની હોય તેવી, રોકડ અથવા વસ્તુ સ્વરૂપે, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્વીકારેલી કોઈ રકમ અને તેમાં કોઈપણ રીતે શાળા સાથે જોડાયેલા ટ્રસ્ટ અથવા કંપનીએ શાળા પાસેથી મેળવેલ નફાનો સમાવેશ થશે;

(ફ) ''જાહેર પરીક્ષા'' એટલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા ભારતીય શાળા પ્રમાણપત્ર પરીક્ષા કાઉન્સિલ (Council of Indian School Certificate Examinations) અથવા સરકારે માન્ય કરેલા બીજા કોઈ બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષા;

(બ) ''માન્યતા પ્રાપ્ત શાળા'' એટલે રાજ્ય અથવા કેન્દ્ર સરકારના સક્ષમ શૈક્ષણિક સત્તામંડળ દ્વારા માન્યતા અપાયેલી શાળા;

(ભ) ''સ્વનિર્ભર શાળા'' એટલે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કોઈ સ્થાનિક સત્તામંડળ પાસેથી કોઈ નાણાકીય અનુદાન અથવા સહાય ન મેળવતી હોય તેવી, ટ્રસ્ટ અને કંપનીઓ સહિત કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના મંડળ દ્વારા સ્થપાયેલી અને તેમના દ્વારા સંચાલિત અથવા નિભાવતી હોય અને તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ સક્ષમ સત્તામંડળ દ્વારા માન્યતા અપાયેલી અથવા મંજૂર કરાયેલી અને ગુજરાત રાજ્યમાં કાર્ય કરતા કેન્દ્રીય અને રાજ્ય મંડળો સાથે જોડાણો ધરાવતી અથવા આંતરરાષ્ટ્રીય જોડાણો ધરાવતી, કોઈ પૂર્વ-પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા, ઉચ્ચ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા, પણ તેમાં માત્ર ધાર્મિક પ્રશિક્ષણ આપતી, તેની જોગવાઈ કરતી અથવા તે પૂરી પાડતી શાળાનો સમાવેશ થતો નથી;

(મ) ''શાળા''માં, પૂર્વ-પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા, ઉચ્ચ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાનો સમાવેશ થાય છે અને તેમાં પદવી કક્ષાથી નીચેના સ્તરનું શિક્ષણ અથવા તાલીમ આપતી હોય તેવી બીજી કોઈ સંસ્થાનો પણ સમાવેશ થાય છે, પણ ફક્ત ટેકનિકલ શિક્ષણ આપતી હોય તેવી કોઈ સંસ્થાનો તેમાં સમાવેશ થતો નથી;

(ય) ''શાળાની મિલકત'' એટલે શાળાની માલિકીની અથવા શાળાના કબજામાં હોય તેવી તમામ સ્થાવર અને જંગમ મિલકત અને આવી મિલકતમાંના અથવા તેમાંથી ઉદ્‌ભવતા બીજા તમામ હક અને હિતસંબંધો અને તેમાં, જમીન, મકાન અને તેની સાથે જોડાયેલા ભાગો, રમતગમતના મેદાનો, છાત્રાલયો, ફર્નિચર, પુસ્તકો, ઉપકરણો, નકશા, સાધનસામગ્રી, સાધનો, રોકડ રકમ, અનામત ભંડોળ, રોકાણો અને બેંકમાંની સિલકનો સમાવેશ થાય છે;

(૨) ''માધ્યમિક શિક્ષણ''નો અર્થ,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૨ના ખંડ (ભ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો અર્થ જ થશે. સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

## પ્રકરણ ૨

## સમિતિની રચના, ફી નિર્ધારણ અને વધારાની ફી વસૂલ કરવા પર પ્રતિબંધ

૩. (૧) સરકારે, સ્વનિર્ભર શાળાઓમાં કોઈ ધોરણ અથવા અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની ફી નક્કી કરવાના હેતુ માટે ફી નિયમન સમિતિની રચના કરવી જોઈશે. ફી નિયમન સમિતિની રચના.

(૨) અધ્યક્ષ અને સભ્યોની ઉંમર, નિમણૂકના સમયે ૬૫ વર્ષથી વધુ હોવી જોઈશે નહિ. અધ્યક્ષ અને બીજા નામનિયુક્ત સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૩) સભ્યોને ચૂકવવાપાત્ર માનદવેતન અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

(૪) સમિતિ નીચેના સભ્યોની બનેલી રહેશે:-

(ક) સરકારે નામનિયુક્ત કરવાના, નિવૃત્ત જિલ્લા અને સેસન્સ જજ અથવા અખિલ ભારતીય સેવાના સભ્ય તરીકે રહેલ હોય અને સરકારના અગ્ર સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરથી નિવૃત્ત થયેલ હોય તેવી વ્યક્તિ અથવા ભારતીય પોલીસ સેવાના સભ્ય તરીકે રહેલ હોય અને અધિક પોલીસ મહાનિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાની જગા પરથી નિવૃત્ત થયેલ હોય તેવી વ્યક્તિ, જેઓ સમિતિના અધ્યક્ષ રહેશે;

(ખ) સરકારે નામનિયુક્ત કરવાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ;

(ગ) સરકારે નામનિયુકત કરવાના એક સિવિલ ઇજનેર/ માન્ય મૂલ્યાંકનકાર;

(ઘ) સંબંધિત ઝોનની સ્વ-નિર્ભર શાળામાંથી સરકારે નામનિયુક્ત કરવાના એક પ્રતિનિધિ;

(ચ) સરકારે નામનિયુક્ત કરવાના જાણીતા શિક્ષણશાસ્ત્રી.

(૫) જિલ્લા શિક્ષણ અધિકારી અથવા યથાપ્રસંગ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, વહીવટી સહાય પૂરી પાડવા માટે સમિતિના કો-ઓર્ડિનેટર (સંયોજક) તરીકે કાર્ય કરશે.

૪. (૧) દરેક ફી નિયમન સમિતિની હકૂમત, રાજ્ય સરકાર, જાહેરનામાથી, રાજપત્રમાં નિર્દિષ્ટ કરે તેવા જિલ્લાના બનેલા ઝોન રહેશે. સમિતિની હકૂમત અને તેના મુખ્ય મથકો.

(૨) ફી નિયમન સમિતિના મુખ્ય મથકો, ગાંધીનગર અથવા સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા સ્થળે રહેશે.

ખાલી જગા, વગેરે હોવાને કારણે કાર્યવાહી અમાન્ય ઠરશે નહિ.

૫. (૧) મૃત્યુ, રાજીનામું, હોદ્દાની મુદત પૂરી થવાથી અથવા સભ્યની નિમણૂક સમાપ્ત થવાથી અથવા બીજા ગમે તે કોઇ કારણસર, કોઇ ખાલી જગા પડે, તો, આવી ખાલી જગા, રાજ્ય સરકારે, આવી જગા ખાલી પડયાની તારીખથી છ મહિનાની મુદતની અંદર, બનતી ત્વરાએ ભરવી જોઇશે. રાજ્ય સરકારે, તેમ છતાં, ખાલી જગાનો કામચલાઉ હવાલો કોઇ સભ્યને છ મહિનાથી વધુ નહિ, તેટલી મુદત માટે આપવો જોઇશે.

(૨) સમિતિના કોઇપણ કાર્ય અથવા કાર્યવાહી સામે, સમિતિની કોઇ જગા ખાલી હોવાને અથવા તેની રચનામાં ખામી હોવાને કારણે જ વાંધો ઉઠાવી શકાશે નહિ અને તે અમાન્ય ઠરશે નહિ.

ફી નિયમન સમિતિએ નિયમન કરવાની કાર્યરીતિ.

૬. (૧) ફી નિયમન સમિતિએ, જયાં અને જયારે જરૂરી જણાય ત્યારે બેઠક યોજવી જોઇશે, પણ દર ત્રિમાસે એક વાર, અધ્યક્ષને યોગ્ય લાગે તેવા સમયે અને સ્થળે બેઠક યોજવી જોઇશે.

(૨) સમિતિએ, તેના કામકાજના સંચાલન માટેની પોતાની કાર્યરીતિનું નિયમન કરવું જોઇશે.

(૩) સમિતિના અધ્યક્ષ અથવા અધ્યક્ષ આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલા સમિતિના બીજા કોઇ અધિકારીએ, સમિતિના તમામ હુકમો અને નિર્ણયોને પ્રમાણભૂત કરવા જોઇશે.

ફી નિયમન સમિતિના સભ્યોની ગેરલાયકાત.

૭. રાજ્ય સરકાર, ફી નિયમન સમિતિના અધ્યક્ષ અથવા કોઇ સભ્યની નિમણૂક, તેના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં સમાપ્ત કરી શકશે, જો તે-

(૧) નાદાર ઠર્યો હોય;

(૨) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, સભ્ય તરીકે કાર્ય કરવા શારીરિક અથવા માનસિક રીતે અસમર્થ બન્યો હોય;

(૩) નૈતિક અધ:પતનના ગુના માટે દોષિત ઠર્યો હોય;

(૪) સાબિત થયેલી ગેરવર્તણૂક માટે કસૂરવાર થયો હોય:

પરંતુ કોઇપણ સભ્યને, સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, ઉપર્યુક્ત કારણોસર તેના હોદ્દા ઉપરથી દૂર કરવો જોઇશે નહિ.

ફી નિયમન સમિતિની સત્તા અને તેના કાર્યો.

૮. (૧) કલમ ૯ની જોગવાઇઓને અધીન રહીને, ફી નિયમન સમિતિએ, સ્વનિર્ભર શાળામાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેનું ફીનું માળખું નક્કી કરવું જોઇશે.

(૨) સમિતિને નીચેની સત્તા રહેશે,

(ક) દરેક સ્વનિર્ભર શાળાને, સમિતિ નિર્દિષ્ટ કરે તેવી તારીખ પહેલાં ચકાસણી માટે તમામ સંબંધિત તમામ દસ્તાવેજો અને હિસાબની પુસ્તિકા સાથેના આવી શાળાના સૂચિત ફી માળખુંસમિતિ સમક્ષ રજૂ કરવા ફરમાવવાની;

(ખ) સ્વનિર્ભર શાળાએ સૂચિત કરેલી ફી વાજબી છે કે કેમ અને તે નફાખોરી અથવા અતિશય ફી વસૂલ કરવા જેટલી છે કે કેમ તેની ખરાઇ કરવાની;

(ગ) વિદ્યમાન ફીના માળખાને મંજૂર કરવાની અથવા સ્વનિર્ભર શાળાએ વસૂલ કરી શકાય તેટલી ફી નક્કી કરવાની;

(ઘ) ગુજરાત રાજયના રાજય ક્ષેત્રની અંદર ચલાવવામાંઆવતી, સ્વનિર્ભર શાળા દ્વારા લેવામાં (ઉઘરાવવામાં) આવતી ફી, સક્ષમ રાજય શૈક્ષણિક સત્તામંડળે માન્ય કરી છે અથવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ/કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ/ કાઉન્સિલ ફોર ઇન્ડીયન સ્કુલ સર્ટીફિકેટ એકઝામિનેશનસ/ આઇ.બી. બોર્ડ સાથે સંલગ્ન છે કે કેમ અને શાળા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા ઉપર ઉલ્લેખેલા બીજા કોઇ બોર્ડએ ઠરાવેલું પ્રશિક્ષણ આપે છે કે કેમ તે અંગેની ખરાઇ કરવાની;

(ચ) ઉપર ખંડ (ઘ)માં ઉલ્લેખ્યા પ્રમાણે સ્વનિર્ભર શાળા દ્વારા લેવામાં (ઉઘરાવવામાં) આવતી વધારે ફીના સંબંધમાં ફરિયાદો સાંભળવાની અથવા આપમેળે સુનાવણી કરવાની;

(છ) શાળાએ વસૂલ કરેલી ફીનું નિયમન કરવાની અને આ અધિનિયમની જોગવાઇઓ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની;

(જ) સંબંધિત સક્ષમ શૈક્ષણિક સત્તામંડળને તે બાબતનો રિપોર્ટ (અહેવાલ) આપવો કે શાળાએ વધુ ફી લીધેલી (ઉઘરાવેલી) છે અને તેણે (શાળાએ) સંબંધિત બોર્ડના સંબંધિત લાગુ પડતા અધિનિયમો અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું પાલન કર્યું નથી.

(૩) (ક) આ અધિનિયમના હેતુઓ માટે, તપાસ કરતી વખતે ફી નિયમન સમિતિને, નીચેની બાબતોના સંબંધમાં દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દાવાની અદાલતી કાર્યવાહી કરતી દીવાની કોર્ટની સત્તા રહેશે: સન૧૯૦૮નો ૫મો.

(૧) કોઇ સાક્ષીને સમન્સથી બોલાવવાની અને હાજર રહેવાની ફરજ પાડવાની તથા સોગંદ ઉપર તપાસવાની;

(૨) કોઇ દસ્તાવેજ પ્રગટ કરવાની અને તે રજૂ કરવાનું ફરમાવવાની;

(૩) સોગંદનામા ઉપર પુરાવો લેવાની; અને

(૪) સ્થાનિક નિરીક્ષણ (સ્થળ તપાસ) માટે સાક્ષીઓની તપાસ માટે કમિશન કાઢવાની;

સન૧૯૬૦નો ૪૫-મો.

(ખ) આ અધિનિયમ હેઠળની તમામ તપાસ અને પુનર્વિલોકન, ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩, ૨૧૯ અને ૨૨૮ના અર્થ મુજબ, અદાલતી કાર્યવાહી હોવાનું ગણાશે.

સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ.

૯. (૧) ફી નિયમન સમિતિ, રાજપત્રમાં જાહેરનામાથી, સરકારે ઠરાવેલી ફી કરતાં ઓછી ફીની રકમ વસૂલ કરતી હોય તેવી સ્વનિર્ભર શાળાઓને ફી નિર્ધારણમાંથી માફી આપી શકશે:

પરંતુ આવી કોઇ શાળા ફી સુધારવા ઇચ્છતી હોય, તો તે શાળાએ, કલમ ૮માં ઠરાવ્યા મુજબની કાર્યરીતિ અનુસરવી જોઇશે :

વધુમાં, માત્ર પ્લે ગ્રુપ/ ક્રેશ (ઘોડીયા ઘર)/ પૂર્વ-પ્રાથમિક શાળાઓ ચલાવતી હોય તેવી પૂર્વ-પ્રાથમિક શાળાને, આ અધિનિયમની જોગવાઇઓના અમલમાંથી મુક્તિ આપવામાં આવશે.

(૨) ફી નિયમન સમિતિ, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલા પૂર્વ-પ્રાથમિક, પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અથવા યથાપ્રસંગ, ઉચ્ચતર માધ્યમિક સ્વનિર્ભર શાળા સિવાયની તમામ શાળાઓની ફી નિર્ધારિત કરી શકશે અને આવી સ્વનિર્ભર શાળાઓ, તે મતલબનું સોગંદનામું રજૂ કરીને, સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ મેળવી શકશે.

(૩) સરકાર, ઠરાવેલી ફીમાં સુધારણા કરે ત્યાં સુધી આપવામાં આવેલી મુક્તિ ચાલુ રહેશે.

(૪) સમિતિને, વધુ ફી લેવાની ભૂલ કરેલી હોય, તેવી શાળાને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, તેને (સમિતિને) એવું માનવાને કારણ હોય કે શાળાએ, પેટા-કલમ (૧) હેઠળ ઠરાવવામાં આવેલી ફી કરતાં વધુ ફી વસૂલ કરી છે, તો તે (સમિતિ) આપેલી મુક્તિ પાછી ખેંચી લઇ શકશે.

(૫) વધુ ફી લેવાની ભૂલ કરી હોય તેવી શાળાના સંબંધમાં તેના સંચાલનની વિગતો સહિતની માહિતી, વિદ્યાર્થીઓ, તેમના માતાપિતા અને સમાજના બહોળા હિતમાં, અગ્રગણ્ય દૈનિક સમાચારપત્રમાં જાહેરાતથી પ્રસિદ્ધ કરવી જોઇશે.

ફી નિર્ધારણ માટેના પરિબળો.

૧૦. (૧) સમિતિએ, નીચેના પરિબળોને ધ્યાને લઇને, સ્વનિર્ભર શાળાએ લેવાપાત્ર ફી નિર્ધારિત કરવી જોઇશે;

(૧) સ્વનિર્ભર શાળાનું સ્થળ એટલે કે શાળા જ્યાં આવેલી હોય તે ગામ, નગર અથવા શહેર;

(૨) શાળા ઊભી કરવા કરેલ મૂડીરોકાણ;

(૩) ગુણવત્તાસભર શિક્ષણ માટે વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરી આપેલું આંતર-માળખું અને શાળાના માહિતીપત્ર અથવા વેબસાઇટમાં જણાવેલી અને પૂરી પાડવામાં આવેલ સગવડો;

(૪) શાળાના વહીવટ અને સેવાઓ તથા ઉપયોગિતાના નિભાવ માટે કરવામાં આવેલો ખર્ચ;

(૫) વ્યવસ્થાપક મંડળ દ્વારા સખાવતના ભાગરૂપે બિનનિવાસી ભારતીયો પાસેથી મેળવેલું વધારાનું ફંડ અને ફી-માફી પૂરી પાડવા અથવા વિદ્યાર્થીઓ માટે શાળાને આપવામાં આવેલી વિવિધ સરકારી યોજનાઓ હેઠળની બીજી બાબતો માટે સરકારે આપેલો ફાળો;

(૬) સ્વનિર્ભર શાળામાં વિદ્યાર્થીઓનું સંખ્યાબળ;

(૭) શાળા દ્વારા આપવામાં આવતા અભ્યાસના વર્ગો અને અભ્યાસક્રમો;

(૮) શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીવર્ગની (સંબંધિત ધોરણો મુજબની) લાયકાત, તેમના પગારની રકમ અને વાર્ષિક પગાર ઈજાફાની વાજબી રકમ;

(૯) આવી શાળા સાથે જોડાયેલા ટ્રસ્ટ અથવા કંપનીએ શાળામાંથી મેળવેલ નફા સહિતની શાળાની કુલ આવકની સામે વિદ્યાર્થીઓ ઉપર કરવામાં આવેલ ખર્ચ;

(૧૦) શાળાના વિકાસ, શિક્ષણ અને વિસ્તરણના હેતુ માટે વાજબી વધારાની આવક;

(૧૧) સરકાર વખતોવખત ઠરાવે તેવા બીજા કોઇ પરિબળ.

(૨) સમિતિએ, સ્વનિર્ભર શાળાએ લેવાપાત્ર ફી નિર્ધારિત કર્યા પછી, સંબંધિત શાળાને તેના નિર્ણયની જાણ કરવી જોઇશે.

(૩) સમિતિએ, શાળા દ્વારા વસૂલ કરવામાં આવતી જુદી જુદી તમામ ફીને ધ્યાને લઇને, લેવાપાત્ર કુલ ફી નક્કી કરવી જોઇશે.

(૪) ફી નિયમન સમિતિએ આ રીતે નિર્ધારિત કરેલી ફીનું માળખું, સ્વનિર્ભર શાળાને ત્રણ વર્ષની મુદત માટે બંધનકર્તા રહેશે.

(૫) ફી સુધારણા સમિતિ, રાજ્યમાંની શાળાઓ માટે રાખવાની ઉપલી ફી મર્યાદાની ભલામણ કરી શકશે. સરકાર આવી ભલામણોની યોગ્ય વિચારણા કરશે.

વધુ ફી લેવા ઉપર પ્રતિબંધ. **૧૧.** (૧) કોઈપણ સ્વનિર્ભર શાળાએ, શાળામાંના કોઈ ધોરણમાં અથવા અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે, ફી નિયમન સમિતિએ નિયત કરેલી ફીથી વધુ કોઇ ફી લેવી (ઉઘરાવવી) જોઈશે નહિ.

(૨) કોઇ વ્યક્તિએ પોતાના માટે અથવા આવી સ્વનિર્ભર શાળા વતી અથવા આવી સ્વનિર્ભર શાળાના વ્યવસ્થાપક મંડળ વતી વધુ કોઈપણ ફી લેવી (ઉઘરાવવી) જોઇશે નહિ.

(૩) કોઈપણ શાળાએ પોતે અથવા તેના વતી ગમે તે કોઇ નામ હેઠળ કોઇડોનેશન અથવા કેપિટેશન ફી ઉઘરાવવી જોઇશે નહિ અથવા શાળાના વ્યવસ્થાપક મંડળ, શાળાના ટ્રસ્ટ, કંપનીના અથવા શાળાના કોઇ ટ્રસ્ટી અથવા સભ્ય-એ કોઈપણ સદર હેઠળ કોઇ ડિપોઝિટ (અનામત)ની રકમ લેવી જોઇશે નહિ. વિદ્યાર્થીના કોઇ માતાપિતા અથવા વાલી (પાલક) દ્વારા સ્વૈચ્છિક રીતે ઉપર ઉલ્લેખેલી કોઇ રકમ ચૂકવવામાં આવેલી હોય, તો તેમણે સોગંદનામા ઉપર આવી ચુકવણીની વિગતોની માહિતી, ફી નિયમન સમિતિને આપવી જોઇશે. આવી જાણ ન કરવા અંગેની બાબતને, શાળા વ્યવસ્થાપક મંડળને નફાખોરી કરવા માટે દુષ્પ્રેરણરૂપ ગણવામાં આવશે.

(૪) શાળાએ, વ્યક્તિગત રીતે રજિસ્ટર કરાયેલી શાળા માટે, અલગથી અને ફક્ત એક બેંક ખાતું ખોલાવવું અને વાપરવું જોઇશે. (વિદ્યાર્થિઓના) માતાપિતાએ, સંબંધિત શાળાના બેંક ખાતાની અંદર ઠરાવેલી ફીની સીધી જ ચુકવણી કરવી જોઇશે.(વિદ્યાર્થિઓના) માતાપિતા પાસેથી ઉઘરાવેલી કુલ ફી મળ્યાની પહોંચ, બેંક અને યથાપ્રસંગ, સબંધિત શાળાના અડધિયાવાળી પહોંચના સ્વરૂપમાં આપવી જોઇશે.

ફી સુધારણા સમિતિ. ૧૨. (૧) સરકારે, ફી નિયમન સમિતિએ કરેલા હુકમ સામે સુધારણાના હેતુ માટે, એક સમિતિની રચના કરવી જોઇશે. ફી સુધારણા સમિતિનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે રહેશે અથવા સમિતિના અધ્યક્ષ દ્વારા નક્કી કરવામાં આવે તેવા બીજા કોઇ સ્થળે રહેશે.

(૨) સમિતિ, નીચેના સભ્યોની બનશે :-

(૧) સરકારે નામનિયુક્ત કરવાના નિવૃત્ત હાઇકોર્ટ જજ, સમિતિના અધ્યક્ષ રહેશે;

(૨) ગુજરાત સરકારના સચિવ, શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક);

(૩) ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ અથવા નાયબ સચિવથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૪) સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા યથાપ્રસંગ, નિયામક, પ્રાથમિક શિક્ષણ, હોદ્દાની રૂએજેઓ સભ્ય સચિવ રહેશે;

(૫) સરકારે નામનિયુક્ત કરવાના સ્વનિર્ભર શાળાઓના વ્યવસ્થાપક મંડળમાંથી એક પ્રતિનિધિ;

(૬) સરકારે નામનિયુક્ત કરવાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ.

(૩) કલમ ૧૦ હેઠળ કરેલા ફી નિયમન સમિતિના હુકમથી નારાજ થયેલી કોઇ વ્યકિત, હુકમની તારીખથી એકવીસ દિવસની મુદતની અંદર ફી સુધારણા સમિતિ સમક્ષ ફેરતપાસ અરજી કરી શકશે :

પરંતુ ફી સુધારણા સમિતિ, જે કારણોથી શાળા ઠરાવેલ સમય મર્યાદામાં ફેરતપાસ અરજી દાખલ કરી શકી ન હતી તેના કારણોથી સંતુષ્ટ હોય તેવા કિસ્સામાં, તે, ફેરતપાસ અરજી દાખલ કરવામાં થયેલા વિલંબને માફ કરી શકશે અને ત્રણ મહિનાથી મોડી નહિ તેમ અરજી સ્વીકારી શકશે.

(૪) ફી સુધારણા સમિતિએ કરેલા હુકમો આખરી ગણાશે અને તે, સ્વ-નિર્ભર શાળાને બંધનકર્તા ગણાશે.

## પ્રકરણ ૩

## હિસાબોનું નિયમન અને રેકર્ડનો નિભાવ

૧૩. (૧) સરકારે, ઠરાવવામાં આવે તેવી રીતે સ્વનિર્ભર શાળાઓ દ્વારા હિસાબોના નિભાવનું નિયમન કરવું જોઇશે. હિસાબોનું નિયમન અને રેકર્ડનો નિભાવ.

(૨) સ્વનિર્ભર શાળાઓએ, ઠરાવવામાં આવે તેવી રીતે તેવા રેકર્ડ નિભાવવા જોઇશે.

(૩) દરેક સ્વનિર્ભર શાળાએ, વસૂલ કરેલ ફી, મેળવેલા અનુદાન, બિનનિવાસી ભારતીયો પાસેથી મેળવેલ ફંડ સહિત મેળવેલી નાણાકીય સહાય, કર્મચારીવર્ગ (સ્ટાફ)ના પગારની ચુકવણી, મશીનરી (યંત્ર સામગ્રી) અને સાધનસામગ્રી, ફર્નિચર, પ્રયોગશાળા (લેબોરેટરી)ની વસ્તુઓ, રમતગમતના સાધનો, ગ્રંથાલયના પુસ્તકો, સ્ટેશનરી (લેખન સામગ્રી)ની ખરીદી અને જુદી જુદી સેવાઓ માટે રોકેલ કે કામે રાખેલ એજન્સી, કંપનીને કરેલ ચુકવણી સહિત કરેલા અન્ય ખર્ચ જેવા જુદા જુદા પ્રકારના વ્યવહારો માટે હિસાબો નિભાવવા જોઇશે અને આ હિસાબોનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ઓડિટ કરાવવું જોઇશે.

(૪) દરેક સ્વનિર્ભર શાળાએ, શૈક્ષણિક સંસ્થાની જગ્યામાં હિસાબો અને રેકર્ડ રાખવા જોઇશે અને ફી નિયમન સમિતિ અથવા તેના અધિકૃત અધિકારી દ્વારા તપાસ માટે તમામ વાજબી સમયે તેને ઉપલબ્ધ કરાવવા જોઇશે.

(૫) સ્વનિર્ભર શાળાએ આવક અને ખર્ચની જુદી જુદી બાબતો સહિતના તમામ વાઉચર સાથે નિભાવેલા હિસાબો સાત વર્ષની મુદત સુધી સાચવવા જોઇશે.

## પ્રકરણ ૪

## ગુના અને શિક્ષા

ગુના અને શિક્ષા. **૧૪.** (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇના ઉલ્લંઘન માટે, દોષિત ઠર્યેથી શાળા સંચાલક મંડળ, માતાપિતા અથવા વાલી અથવા જેણે ચુકવણી કરી હોય તે વ્યકિતને ફીની બમણી રકમ રિફંડ કરવા ઉપરાંત,-

(ક) પ્રથમ ગુના માટે, રૂપિયા પાંચ લાખ સુધીના દંડની;

(ખ) બીજા ગુના માટે, ઓછામાં ઓછા પાંચ લાખ રૂપિયા પરંતુ દસ લાખ રૂપિયા સુધીના દંડની; અને

(ગ) ત્રીજા અથવા ત્યારપછીના ગુના માટે શાળાનું રજિસ્ટ્રેશન/ જોડાણ/ ના વાંધા પ્રમાણપત્ર રદ કરવા અથવા પાછુ ખેંચી લેવાની, શિક્ષાને પાત્ર થશે.

(૨) દંડની રકમ અને રિફંડની રકમ હુકમ મળ્યેથી પંદર દિવસની અંદર ચૂકવવાની રહેશે, જેમાં ચૂક થયેથી, દંડ અને રિફંડની કુલ રકમ ચૂકવવામાં આવે ત્યાં સુધી દરેક દિવસ માટે એવી રકમના એક ટકા જેટલો દંડ લેવામાં આવશે. તેમ છતાં, તે ત્રણ મહિનામાં દંડ અને વધારાની ફી ચૂકવવામાં ચૂક કરે, તો વણચૂકવાયેલી સમગ્ર રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

ગુનાની ન્યાયિક નોંધ. **૧૫.** કોઇપણ કોર્ટ, ઝોનની સંબંધિત ફી નિયમન સમિતિના કો-ઓર્ડિનેટરે(સંયોજકે) અથવા યથાપ્રસંગ, ફી સુધારણા સમિતિએ અધિકૃત કરેલી કોઇ વ્યકિતએ દાખલ કરેલી ફરિયાદ પરથી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનાની ન્યાયિક નોંધ લઇ શકશે નહિ.

## પ્રકરણ ૫

## પ્રકીર્ણ

આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તા. **૧૬.** રાજ્ય સરકાર, વખતોવખત, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે અથવા તેમાં અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમો અથવા હુકમોમાં સમાવિષ્ટ જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇનો અમલ કરવા માટે તેના અભિપ્રાય પ્રમાણે જરૂરી અથવા ઇષ્ટ હોય તે પ્રમાણે, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ સાથે સુસંગત હોય તેવા સામાન્ય અથવા ખાસ આદેશો આપી શકશે અને આવા આદેશો, સ્વનિર્ભર શાળાના સંચાલક મંડળને બંધનકર્તા રહેશે.

અન્ય કાયદાનો અમલ. **૧૭.** આ અધિનિયમમાં અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, આ અધિનિયમની જોગવાઇઓ તત્સમયે અમલમાં હોય તેવા કોઇ અન્ય કાયદા ઉપરાંતની અને તેનું અલ્પીકરણ ન કરતી હોય તેવી રહેશે.

૧૮. આ અધિનિયમથી અથવા તે હેઠળ સત્તા વાપરવા અથવા કાર્યો કરવા માટે અધિકૃત કરેલ કોઈ સમિતિ અથવા તેના સભ્યો, સરકાર અથવા કોઇ અધિકારી અથવા સત્તામંડળ અથવા વ્યકિત વિરૂધ્ધ આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય માટે, કોઇપણ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ. શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.

સન ૧૮૬૦નો ૪૫મો. ૧૯. સમિતિના તમામ સભ્યો અને અધિકારીઓ અને કર્મચારીઓ, આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર કાર્ય કરતા હોય અથવા તેમ કરતાં હોવાનું અભિપ્રેત હોય, ત્યારે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવક ગણાશે. સમિતિના સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ રાજયસેવક ગણાશે.

૨૦. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. નિયમો કરવાની સત્તા.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, એવા નિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઈ બાબત માટે જોગવાઇ કરી શકશે :-

(ક) કલમ ૩ની પેટા-કલમ (૩) હેઠળ ફી નિયમન સમિતિના સભ્યોને ચૂકવવાપાત્ર માનવેતન અને ભથ્થાં તેમજ તેમની સેવાની અન્ય બોલીઓ અને શરતો બાબત ;

(ખ) કલમ ૯ની પેટા-કલમ (૧) હેઠળ સ્વનિર્ભર શાળાઓ દ્વારા લેવાની ફી બાબત;

(ગ) જે પરિબળો હેઠળ ફી નિયમન સમિતિએ કલમ ૧૦ની પેટા-કલમ (૧)ના ખંડ (૧૧) હેઠળ સ્વનિર્ભર શાળા દ્વારા લેવાપાત્ર ફી નિર્ધારીત કરવી જોઇશે તેવા અન્ય પરિબળો બાબત;

(ઘ) કલમ ૧૩ની પેટા-કલમ (૧) હેઠળ સ્વનિર્ભર શાળાઓ દ્વારા હિસાબોના નિભાવનું નિયમન કરવા બાબત;

(ચ) કલમ ૧૩ની પેટા-કલમ (૨) હેઠળ ફી નિયમન સમિતિના હિસાબોના રેકર્ડના નિભાવ માટે.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવે તે સત્રમાં અથવા તેની તરત પછીના સત્રમાં રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજય વિધાનમંડળ તેમાં જે કોઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કંઈ રદ કરે અથવા કંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

મુશ્કેલી દૂર કરવાની સત્તા.

**૨૧.** (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં સામાન્ય અથવા ખાસ હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવાના હેતુઓ માટે જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, એવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

## ઉદ્દેશો અને કારણો

હાલમાં, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૧૭ના ખંડ (૧૯)થી, સરકારને, નોંધાયેલી (રજિસ્ટર્ડ થયેલી) શાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની શરતો ઠરાવવાની સત્તા મળે છે અને તે હેતુ માટે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને આદેશો આપી શકે છે. વધુમાં, ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯, સદરહુ નિયમોની અને બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઇઓનું કડક પાલન કરવાનું પણ ફરમાવે છે. તેમ છતાં, શાળાઓ અને ખાસ કરીને સ્વનિર્ભર શાળાઓ દ્વારા ફીનું નિર્ધારણ ઠરાવતો કોઇ કાયદો નથી. એવું ધ્યાન પર આવ્યું છે કે સ્વનિર્ભર શાળાઓ દ્વારા લેવાપાત્ર ફીના ધોરણો ઠરાવતો હોય તેવો કોઇ કાયદો ન હોવાથી, આવી શાળાઓ બેહદ ફી વસૂલ કરે છે. તેથી, પોતાના પાલ્ય માટે સ્વનિર્ભર શાળાઓમાં પ્રવેશ મેળવવા માંગતા માતા-પિતાની તકલીફ ઘટાડવાના હેતુથી, સ્વનિર્ભર શાળાઓ માટે ફીના નિર્ધારણ માટેકાયદા દ્વારા, ખાસ જોગવાઇઓ કરવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક મહત્વની જોગવાઇઓ સંક્ષિપ્તમાં સમજાવવામાં આવી છે :-

**કલમ ૧.-** આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ માટે જોગવાઇ કરી છે.

**કલમ ૨.-** આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

**કલમો ૩ અને ૪.-** આ કલમોથી, ફી નિયમન સમિતિની રચના, હકૂમત અને તેના મુખ્ય મથક (હેડ ક્વાર્ટર) માટે જોગવાઇ કરી છે.

**કલમ ૫.-** આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે સમિતિમાં ખાલી પડતી જગાઓથી, સમિતિની કાર્યવાહીઓ અમાન્ય ઠરશે નહિ.

**કલમ ૬.-** આ કલમથી, ફી નિયમન સમિતિએ પોતાની બેઠકમાં નિયમન કરવાની કાર્યરીતિ માટે જોગવાઇ કરી છે.

**કલમ ૭.-** આ કલમથી, તેમાં દર્શાવ્યા પ્રમાણેના સંજોગો હેઠળ ફી નિયમન સમિતિના અધ્યક્ષ અથવા તેના કોઇ સભ્યની નિમણૂક સમાપ્ત (રદ) કરવાની રાજય સરકારની સત્તા માટે જોગવાઇ કરી છે.

**કલમ ૮.-** આ કલમથી, ફી નિયમન સમિતિએ વાપરવાની સત્તા અને કરવાના કાર્યો માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૯.-** આ કલમથી, ફી નિયમન સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવામાંથી કોઇ સ્વ નિર્ભર શાળાને આપેલી મુક્તિ માટે જોગવાઇ કરી છે.

**કલમ ૧૦.-** આ કલમથી, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જે પરિબળો હેઠળ ફી નિયમન સમિતિએ સ્વનિર્ભર શાળા દ્વારા લેવાપાત્ર ફી નિર્ધારિત કરવી જોઇશે તેવા પરિબળો માટે જોગવાઇ કરી છે.

**કલમ ૧૧.-** આ કલમથી, ફી નિયમન સમિતિએ નક્કી કરેલ ફીથી વધુ કોઇ ફીની વસૂલાત કરવાની સ્વનિર્ભર શાળા પર પ્રતિબંધ મૂકયો છે.

**કલમ ૧૨.-** આ કલમથી, ફી સુધારણા સમિતિની રચના માટે જોગવાઇ કરી છે.

**કલમ ૧૩.-** આ કલમથી, સ્વનિર્ભર શાળાના હિસાબોના નિયમન અને તેના રેકર્ડના નિભાવ માટે જોગવાઇ કરી છે.

**કલમો ૧૪ અને ૧૫.-** આ કલમોથી, આ અધિનિયમ હેઠળ કરેલા ગુના અને તેની શિક્ષા માટે જોગવાઇ કરી છે.

**કલમ ૧૬.-** આ કલમથી, અધિનિયમ, તે હેઠળ કરેલા નિયમો અથવા હુકમોની જોગવાઇઓનો અમલ કરવાના હેતુથી આદેશો આપવાની રાજય સરકારની સત્તા માટે જોગવાઇ કરી છે.

**કલમ ૧૭.-** આ કલમથી એવી જોગવાઇ કરી છે કે આ અધિનિયમની જોગવાઇઓ, તત્સમયે અમલમાં હોય તેવા કોઇ અન્ય કાયદા ઉપરાંતની અને તેનું અલ્પીકરણ ન કરતી હોય તેવી રહેશે.

**કલમ ૧૮.-** આ કલમથી, શુદ્ધબુદ્ધિથી કરેલા કાર્યો માટે સામાન્ય ક્ષતિપૂર્તિ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૯.-** આ કલમથી એવી જોગવાઇ કરી છે કે સમિતિના સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવક ગણાશે.

**કલમ ૨૦.-** આ કલમથી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૨૧.-** આ કલમથી, રાજય સરકારને, અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

ભુપેન્દ્રસિંહ ચુડાસમા,

## નાણાકીય યાદી

વિધેયકની કલમ ૩ની પેટા-કલમ (૩) અને કલમ ૧૨ની પેટા-કલમ (૧)થી, રાજય સરકારે બીજી શાળાઓની સાથે શાળાઓના નિયામક (ડિરેકટર)ને અનુદાનના ફાળાની ચુકવણી કરવા ધાર્યું છે. વિધેયક, અધિનિયમિત કરવામાં અને અમલમાં લાવવામાં આવે તો, તેનાથી રાજયના એકત્રિત ફંડમાંથી નાણાકીય વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટે રૂપિયા ૧.૫૦ કરોડના અંદાજિત વાર્ષિક ખર્ચનો સમાવેશ થશે. સન ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટે અંદાજપત્ર (બજેટ)ના અંદાજમાં, રૂપિયા ૧.૫૦ કરોડની જોગવાઇ કરવી જોઇશે, તેમાંથી રૂપિયા ૧.૫૦ કરોડ આવર્તક પ્રકારનું ખર્ચ થશે અને રૂપિયા શૂન્ય કરોડ અનાવર્તક પ્રકારનું ખર્ચ થશે.

ભુપેન્દ્રસિંહ ચુડાસમા.

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છેઃ-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૩)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૨.-** આ કલમના ખંડ (ગ)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, શૈક્ષણિક જિલ્લા નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૩.-** આ કલમની પેટા-કલમ (૩)થી, રાજય સરકારને, ફી નિયમન સમિતિના સભ્યોને ચૂકવવાપાત્ર માનવેતન અને ભથ્થાં તેમજ તેમની સેવાની અન્ય બોલીઓ અને શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૪.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, ફી નિયમન સમિતિનું મુખ્ય મથક ગાંધીનગર સિવાયના સ્થળે નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૯.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સ્વનિર્ભર શાળાઓએ લેવાની ફી ઠરાવવાની સત્તા મળે છે. આવી રીતે ઠરાવેલ ફી થી ઓછી ફી ધરાવતી સ્વનિર્ભર શાળાઓને ફી નિયમન સમિતિ સમક્ષ ઉપસ્થિત થવામાંથી મુકિત આપવામાં આવશે.

**કલમ ૧૦.-** આ કલમની પેટા-કલમ (૧)ના પરિચ્છેદ (૧૧)થી, રાજય સરકારને, જે પરિબળો હેઠળ ફી નિયમન સમિતિએ સ્વનિર્ભર શાળા દ્વારા લેવાપાત્ર ફી નિર્ધારિત કરવી જોઇશે તેવા, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના પરિબળો સિવાયના અન્ય પરિબળો નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૩.-** (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, રાજય સરકારે, જે રીતે સ્વનિર્ભર શાળાઓના હિસાબોના નિભાવનું નિયમન કરવું જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, જે રીતે સ્વ નિર્ભર શાળાઓએ હિસાબોના રેકર્ડ જાળવવા જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૨૦.-** આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમા જાહેરનામાથી, સામાન્ય રીતે અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે અને ખાસ કરીને તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બાબતો માટે નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૨૧.-** આ કલમથી, રાજ્ય સરકારને, બે વર્ષની મુદતની અંદર આ અધિનિયમની જોગવાઈઓને અમલમાં મૂકવામાં ઊભી થતી મુશ્કેલી, કોઈ હોય, તો તે દૂર કરવા માટે રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી, આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૧૭.

**ભુપેન્દ્રસિંહ ચુડાસમા.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક :૨૨.]

રાજ્યમાં આવેલી સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઈઓ કરવા બાબત વિધેયક.

[શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા,
શિક્ષણમંત્રીશ્રી.]

(સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૨૩મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી.એમ.પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.